ક્રમાંક/મહેકમ/૩/૩૯૭

કમિશનર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૨/૩/૨૦૨૪

વિષય :– **મોંઘવારી ભથ્થુ ચુકવવા બાબત.**

વં.સં. :–
(૧) ક્રમાંક/મહેકમ/૧/૯૦, તા.૩/૫/૨૦૧૭
(૨) ક્રમાંક/મહેકમ/૩/૬૭, તા.૨૪/૫/૨૦૨૩
(૩) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક :વલભ–૧૦૨૦૧૬–જીઓઆઈ–૭–ચ, તા.૨૯/૨/૨૦૨૪
(૪) નોંધપરની કમિશનરશ્રીની તા.૦૨/૦૩/૨૦૨૪થી પ્રાપ્ત થયેલ મંજુરી.

---

હુકમ:–

સંદર્ભ–(૧) થી ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારી તથા પેન્શનરોને તા.૧/૧/૨૦૧૬ થી સાતમાં પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. પરંતુ પગાર તથા પેન્શનમાં આ પગાર સુધારણાનો અમલ તા.૧/૫/૨૦૧૭ થી કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને સરકારશ્રીના તા.૨૩/૫/૨૦૨૩ ના ઠરાવ મુજબ ૪૨% મોંઘવારી ભથ્થુ ચૂકવવા સંદર્ભ–(૨) થી હુકમ કરવામાં આવેલ છે.

સાતમાં કેન્દ્રીય પગાર પંચની મોંઘવારી ભથ્થાની ચુકવણી અંગેની ભલામણો સંદર્ભે રાજય સરકારના કર્મચારીઓને નીચે કોષ્ટકમાં દર્શાવ્યા તારીખથી અને તેની સામે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ ચુકવવા સંદર્ભ–(૩) થી ઠરાવ થયેલ છે.

| ચુકવવા પાત્ર તારીખ | ચુકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા.૧/૭/૨૦૨૩ થી | મૂળ પગારના ૪૬% |

સંદર્ભ (૩) ના ઠરાવ મુજબ ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ તથા પેન્શનરોને મોંઘવારી ભથ્થુ સરકારશ્રીનાં ઠરાવ મુજબ ચૂકવવાની સંદર્ભ (૪)થી મંજુરી પ્રાપ્ત થયેલ છે.

સબબ, ઉપરોકત વિગતે સંદર્ભ (૪) થી પ્રાપ્ત થયેલ મંજુરી અન્વયે ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારીઓ તથા પેન્શનરોને સાતમાં પગાર પંચ મુજબ માર્ચ–૨૦૨૪ માસથી ૪૬% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર / પેન્શન સાથે નિયમીત રીતે તથા સુચિત મોંઘવારી ભથ્થાનાં જુલાઈ–૨૦૨૩ થી ફેબ્રુઆરી–૨૦૨૪ સુધીનાં તફાવતની રકમ ત્રણ હપ્તામાં (૧) પ્રથમ હપ્તો ( જુલાઈ–૨૦૨૩ થી સપ્ટેમ્બર–૨૦૨૩ ) માર્ચ માસના પગાર/પેન્શન (પેઈડ ઈન એપ્રિલ)ની સાથે તથા (૨) બીજો હપ્તો ( ઓકટોબર–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ ) એપ્રિલ માસના પગાર / પેન્શન ( પેઈડ ઈન મે ) ની સાથે (૩) ત્રીજો હપ્તો ( જાન્યુઆરી–૨૦૨૪ થી ફેબ્રુઆરી–૨૦૨૪ ) મે માસના પગાર / પેન્શન ( પેઈડ ઈન જુન ) ની સાથે ચુકવવા આથી હુકમ કરવામાં આવે છે. સબંધિત સર્વોએ તે મુજબ અમલ કરવો.

નાયબ કમિશનર (એડમીન.)
મહાનગરપાલિકા
ભાવનગર

અમલ થવા નકલ રવાના :–
(૧) ચીફ ઓડીટરશ્રી.... સંદર્ભ–૩ના ઠરાવની નકલ સામેલ છે.
(૨) ચીફ એકાઉન્ટન્ટશ્રી ---"---
(૩) દરેક વિભાગ તરફ.....

D:\52\ASHWIN-24\T-3\3. JUNARAL.docx



કોમ્પ્યુટર વિભાગ
ઈનવર્ડ નંબર...3289
તા.04/03/'24

શ્રી હિમાંશુભાઈ
૫/૩